# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 27-07-2025** **EVENING: 7.50 TO 8.00**

**Day : SUNDAY** **National News**

## આકાશવાણી સમાચાર હેમાંગીની સોનારા વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે રાજરાજા ચોલ અને રાજેન્દ્ર ચોલનો વારસો ભારતની ઓળખ અને ગૌરવનો પર્યાય છે.
2) પ્રધાનમંત્રી મોદીએ મન કી બાત કાર્યક્રમમાં કહ્યું કે 2047ના વિકસિત ભારતનો માર્ગ આત્મનિર્ભરતામાંથી પસાર થાય છે
3) પ્રધાનમંત્રીએ અમદાવાદ રિવરફ્રન્ટ પર થયેલા સફાઈ અભિયાને સૌનું ધ્યાન ખેંચ્યું
4) સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘે “ઑપરેશન સિંદૂર”ની સફળતામાં સૈન્ય-તંત્ર વ્યવસ્થાને મહત્વનું કારણ ગણાવ્યું
5) લોકસભામાં આવતીકાલે ઓપરેશન સિંદૂર પર ચર્ચા થવાની શક્યતા
6) એન્ડરસન-તેંડુલકર ટ્રોફીની ચોથી ટેસ્ટના છેલ્લા દિવસે ઇંગ્લેન્ડ સામે ભારતે પોતાના બીજા દાવમાં 4 વિકેટે 298 રન બનાવ્યા

.............................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM-Rajendra Chola

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે રાજરાજા ચોલ અને રાજેન્દ્ર ચોલનો વારસો ભારતની ઓળખ અને ગૌરવનો પર્યાય છે. શ્રી મોદીએ કહ્યું કે તેમની પ્રવૃત્તિઓ એક પવિત્ર પ્રયાસ સમાન છે અને "એક ભારત, શ્રેષ્ઠ ભારત"નું પ્રતીક છે. પ્રધાનમંત્રી આજે તમિલનાડુના ગંગાઈકોંડા ચોલાપુરમ ખાતે સંસ્કૃતિ મંત્રાલય દ્વારા આયોજિત આદિ તિરુવતિરાય ઉત્સવના સમાપન સમારોહમાં સભાને સંબોધિત કરી રહ્યા હતા.

**(BYTE – PM ON RAJARANI)**

પ્રધાનમંત્રી મોદીએ ભારતના મહાન સમ્રાટોમાંના એક રાજેન્દ્ર ચોલા ના માનમાં એક સ્મારક સિક્કો પણ બહાર પાડ્યો.

શ્રી મોદીએ જાહેરાત કરી કે નજીકના ભવિષ્યમાં તમિલનાડુમાં રાજરાજા ચોલ અને તેમના પુત્ર, પ્રખ્યાત શાસક રાજેન્દ્ર ચોલ પ્રથમની ભવ્ય પ્રતિમાઓ સ્થાપિત કરવામાં આવશે.

આ પહેલા, શ્રી મોદીનું ત્રિચી અને ગંગાઈકોંડા ચોલાપુરમમાં રોડ શો દરમિયાન તમિલનાડુના લોકો દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમણે વિશ્વ વિખ્યાત ગંગઈકોંડા ચોલાપુરમ મંદિરમાં ખાસ દર્શન કર્યા હતા અને ભગવાન શિવની પૂજા કરી હતી.

. . . . . . . . .

# PM – MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે 21મી સદીના ભારતમાં વિજ્ઞાન નવી ઉર્જા સાથે આગળ વધી રહ્યું છે. આજે આકાશવાણી પરથી તેમના મન કી બાત કાર્યક્રમમાં તેમણે કહ્યું કે શુભાંશુ શુક્લાના અવકાશમાંથી સુરક્ષિત વાપસીથી દેશ ગર્વની લાગણી અનુભવી રહ્યો છે. શ્રી મોદીએ કહ્યું કે 2047ના વિકસિત ભારતનો માર્ગ આત્મનિર્ભરતામાંથી પસાર થાય છે અને આત્મનિર્ભર ભારતનો પાયો ત્યારે જ મજબૂત થશે જ્યારે આપણે એક ભારતીયે જે પરસેવો પાડ્યો છે. તેની પાસે ખરીદી કરીએ અને વેચાણ કરીએ.

પ્રધાનમંત્રીએ કહ્યું કે સ્વચ્છ ભારત મિશન હવે એક જનઆંદોલન બની ગયું છે. આ વર્ષના સ્વચ્છ સર્વેક્ષણમાં સાડા ચાર હજારથી વધુ શહેરો અને નગરો સામેલ છે.

**(BYTE – PM ON SWACHHTA)**

શ્રી મોદીએ ૭ ઓગસ્ટ, ૧૯૦૫ ના રોજ શરૂ થયેલા સ્વદેશી ચળવળ વિશે વાત કરી. આની યાદમાં, દર વર્ષે ૭ ઓગસ્ટે રાષ્ટ્રીય હાથવણાટ દિવસ ઉજવવામાં આવે છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે તહેવારો અને પરંપરાઓ ભારતીય સંસ્કૃતિનો એક મોટો આધારસ્તંભ છે. તેમણે કહ્યું કે વર્તમાન અને ઇતિહાસનું દસ્તાવેજીકરણ કરવું મહત્વપૂર્ણ છે. શ્રી મોદીએ કહ્યું કે ભારતની વાસ્તવિક શક્તિ એ જ્ઞાન છે જે સદીઓથી હસ્તપ્રતોના રૂપમાં સચવાયું છે.

**..2..PM – MANN KI BAAT**

છેલ્લા કેટલાક દિવસોમાં, મને ઘણા યુવા ખેલાડીઓ અને તેમના માતાપિતા તરફથી સંદેશાઓ મળ્યા છે. આમાં, ખેલો ઇન્ડિયા નીતિ 2025 ની ખૂબ પ્રશંસા કરવામાં આવી છે.

શ્રી મોદીએ અમદાવાદમાં રિવરફ્રન્ટ પર થયેલા સફાઈ અભિયાને સૌનું ધ્યાન ખેંચ્યું હોવાનો પણ ઉલ્લેખ કર્યો.

**(BYTE: NARENDRA MODI, PRIME MINISTER) ON RIVERFRONT)**

. . . . . . . . . .

# Gujarat-Gati Shakti University

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘે "ઑપરેશન સિંદૂર"ની સફળતામાં સૈન્ય-તંત્ર વ્યવસ્થાને મહત્વનું કારણ ગણાવ્યું. વડોદરાની ગતિશક્તિ વિશ્વ-વિદ્યાલયના ત્રીજા પદવીદાન સમારોહને વર્ચ્યૂઅલ માધ્યમથી સંબોધતા શ્રી સિંઘે આ વાત કહી.

શ્રી સિંઘે ગતિ-શક્તિ વિશ્વ-વિદ્યાલયની ભૂમિકાને મહત્વની ગણાવતા કહ્યું, જે ગતિથી યુવાનો દેશને શક્તિ આપી રહ્યા છે તે પ્રશંસનીય છે. તેમણે ડિજિટલકરણ, કૃત્રિમ બુદ્ધિમત્તા-A.I. સક્ષમ સૈન્ય તંત્ર પૂર્વાનુમાન અને ટકાઉ માલવાહક પ્રણાલિને આજના સમયમાં ભારતની રાષ્ટ્રીય જરૂરિયાત ગણાવી.

**(BYTE: RAJNATH SINGH, DEFENCE MINISTER)**

આ પ્રસંગે ઉપસ્થિત કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે ગત 11 વર્ષમાં રેલવેમાં થયેલા પરિવર્તન પર પ્રકાશ પાડ્યો. તેમણે સ્નાતક વિદ્યાર્થીઓને ભારતની વિકાસયાત્રામાં યોગદાન માટે પ્રોત્સાહિત કર્યા. શ્રી વૈષ્ણવે યુવાનોને

વિકાસના એન્જિન ગણાવ્યા અને તેમને વર્ષ 2047 સુધી વિકસિત ભારતના લક્ષ્યાંકમાં સહકાર આપવા આગ્રહ કર્યો.

**(BYTE: ASHWINI VAISHNAV, RAILWAY MINISTER)**

આ પદવીદાન સમારોહમાં 194 વિદ્યાર્થીઓને જુદા જુદા વિષયોમાં ડિગ્રી એનાયત કરવામાં આવી હતી.

. . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---

# MANDAVIYA GUJARAT VIDYAPEETH

કેન્દ્રીય મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયાએ વ્યસનને સૌથી મોટી સમસ્યા ગણાવતા તેની સામે સૌને સાથે મળી લડવા અપીલ કરી. તેમણે પાયાના શિક્ષણને આત્મસાત કરવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો.

અમદાવાદની ગૂજરાત વિદ્યાપીઠ ખાતે આજે યોજાયેલા "ગુજરાત નઈ તાલીમ સંઘની સામાન્ય સભા, દ્વિ-વાર્ષિક સંમેલન અને રાજ્યકક્ષાની સંગોષ્ઠી" કાર્યક્રમમાં શ્રી માંડવિયાએ આ વાત કહી. તેમણે લોકોને સફળ થવા અંગે પણ માર્ગદર્શન આપ્યું.

આ પહેલા શ્રી માંડવિયાએ અમદાવાદમાં સાબરમતી આશ્રમથી ગૂજરાત વિદ્યાપીઠ સુધીના માર્ગ પર "સન્ડે ઑન સાયકલ" કાર્યક્રમમાં ભાગ લઈ સાઈકલ ચલાવી હતી. તેમની સાથે કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળના જવાનો પણ જોડાયા હતા.

. . . . . . . . . . .

# Mumbai India UK

ભારત-બ્રિટન મુક્ત વેપાર કરાર (FTA) પર હસ્તાક્ષર કર્યા બાદ આજે મુંબઈમાં કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલનું સન્માન કરવામાં આવ્યું. આ કરાર ભારતની આંતરરાષ્ટ્રીય વેપાર યાત્રામાં એક સીમાચિહ્નરૂપ ક્ષણ હતો. આ કાર્યક્રમમાં "બ્રિટનના બજારમાં નિકાસ તકો" વિષય પર એક ખાસ સત્રને સંબોધન કરતાં કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલે જણાવ્યું હતું કે ભારત-બ્રિટન મુક્ત વેપાર કરાર માત્ર એક વેપાર કરાર નથી; તે વિકસિત ભારત તરફ એક સાહસિક અને પરિવર્તનશીલ પગલું છે.

. . . . . . . . .

# Lok Sabha-Operation Sindoor

લોકસભામાં આવતીકાલે ઓપરેશન સિંદૂર પર ચર્ચા થવાની શક્યતા છે. સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ અગાઉ કહ્યું હતું કે

પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા અને ઓપરેશન સિંદૂર હેઠળ ભારતની પ્રતિક્રિયા પર વર્તમાન સંસદ સત્ર દરમિયાન ખાસ ચર્ચા થશે. તેમણે કહ્યું હતું કે લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાની અધ્યક્ષતામાં મળેલી બિઝનેસ સલાહકાર સમિતિની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

. . . . . . . . . .

# Supreme Court - Bihar

બિહારમાં મતદાર યાદીના ખાસ સઘન સુધારા કરવાના ચૂંટણી પંચના નિર્ણયને પડકારતી અરજીઓ પર સર્વોચ્ચ અદાલતમાં આવતીકાલે સુનાવણી કરશે. ન્યાયાધીશ સૂર્યકાંત અને જ્યોમલ્યા બાગચીની ખંડપીઠ આ કેસની સુનાવણી કરશે. ચૂંટણી પંચનું કહેવું છે કે આ સુધારાનો હેતુ અયોગ્ય નામોને દૂર કરીને સ્વચ્છ મતદાર યાદી સુનિશ્ચિત કરવાનો છે.

. . . . . . . . . .

# REV EVE. CRICKET (LUNCH)

ક્રિકેટમાં, આજે માન્ચેસ્ટરના ઓલ્ડ ટ્રેફોર્ડ ખાતે એન્ડરસન-તેંડુલકર ટ્રોફીની ચોથી ટેસ્ટના છેલ્લા દિવસે યજમાન ઇંગ્લેન્ડ સામે ભારતે પોતાના બીજા દાવમાં 4 વિકેટે 298 રન બનાવ્યા હતા.

ભારતે  બે વિકેટે 174 રનથી પોતાનો દાવ ફરી શરૂ કર્યો. કે.એલ. રાહુલ 90 રન બનાવીને આઉટ થયો, જ્યારે કેપ્ટન શુભમન ગિલ 103 રન બનાવીને આઉટ થયો હતો. યજમાન ઇંગ્લેન્ડે ચોથા દિવસે 311 રનની

જંગી લીડ મેળવી હતી. ઇંગ્લેન્ડ તેની પહેલી ઇનિંગમાં 669 રન બનાવીને ઓલઆઉટ થઈ ગયું હતું.

. . . . . . . . . .